**09.03.2023** પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા
મધુબન

" મીઠાં બાળકો - તમારે બાપનાં ઓક્યુપેશન ( કર્તવ્ય ) અને ગુણો સહિત એમને યાદ કરવાનાં છે , યાદ થી જ તમે વિકર્માજીત બનશો , વિકારો નો મેલ ભસ્મ થશે"

**પ્રશ્ન :-** જ્ઞાન અને ધારણા કયા બાળકોને ખુબ સહજ થઈ શકે છે?

**ઉત્તર :-** જેમનામાં કોઈપણ જૂનાં ઉલ્ટા સુલ્ટા સંસ્કાર નથી, જેમની બુદ્ધિ યાદ થી શુધ્ધ થતી જાય છે, એમને જ્ઞાનની ખૂબ સારી ધારણા થાય છે. ૨. પવિત્ર બુદ્ધિમાં જ અવિનાશી જ્ઞાન રતન રહેશે. ૩. ભોજન ખૂબ શુધ્ધ હોય - બાપ ને સ્વીકાર કરાવીને પછી ખાવાથી પણ જ્ઞાન ની ધારણા સારી થાય છે. જ્ઞાન ને ધારણ કરતા-કરતા તમે મુરલીધર બની જાઓ છો.

**ગીત :-** તુમ્હારે બુલાને કો જી ચાહતા હૈ......

ઓમ્ શાંતિ ! આત્મા પરમાત્મા ને બોલાવે છે ફક્ત આત્મા કહે તો કહેશે આત્મા તો વાણી થી પરે છે એટલે કહે છે જીવાત્મા, પરમાત્મા ને બોલાવે છે. ભક્તોની બુદ્ધિ પરમાત્મા માટે ક્યાં-ક્યાં જાય છે. કાંઈ પણ મનુષ્ય સમજતાં નથી કારણ કે એ સમજે છે પરમાત્મા સર્વવ્યાપી છે તો બુદ્ધિ ક્યાં જાય? સર્વવ્યાપી સમજવાનાં કારણે કહે છે બધાં ભગવાન નાં રુપ છે. બોલાવે છે પરંતુ બુદ્ધિમાં લક્ષ નથી. પરમપિતા પરમાત્મા તરફ બુદ્ધિ જતી નથી. કોઈ પણ જીવ આત્માની બુદ્ધિમાં આ નથી આવતું કે અમે એ જ્યોતિર્લિંગમ્ ને યાદ કેમ કરીએ છીએ? એ અમને શું આપે છે, જે અમે એમને યાદ કરીએ છીએ? જે ખૂબ સારું આપીને જાય છે, એમને યાદ કરાય છે. એમની યાદ જિંદગીભર રહે છે. કોઈએ પાઈ પૈસા દીધાં, તે તો લેણ-દેણ ચાલે જ છે. પરંતુ સમજો કોઈ ગરીબ છે, એમને કોઈ મકાન બનાવીને આપે કે એમની કન્યા નાં લગ્ન કરાવવામાં કોઈ મદદ કરે છે તો પૂરું આયુષ્ય એમની યાદ રહેશે. એમનાં નામ રુપ ની યાદ રહેશે. ફલાણાએ અમને મકાન બનાવીને આપ્યું. અહીં પણ તમે બાળકો સમજો છો બાપ આપણને વિશ્વનાં માલિક બનાવે છે. મનુષ્યો ને તો નથી આત્માનું, નથી પરમાત્માનું જ્ઞાન. આત્મા છે સૂક્ષ્મ થી સૂક્ષ્મ, જેની ખબર નથી પડતી. ક્યારે અંદર પ્રવેશ કરે છે પછી નીકળી જાય છે, ખૂબ મહીન વાતો છે. એનો સાક્ષાત્કાર પણ દિવ્ય દૃષ્ટિ થી જ થઈ શકે છે. તેઓ બ્રહ્મ કહે છે તો બ્રહ્મ નો પણ સાક્ષાત્કાર થઈ જશે. અખંડ લાઈટ જ લાઈટ દેખાશે. બ્રહ્મ તત્વ તો જરુર ખૂબ રોશની દેખાશે. પરંતુ પરમાત્મા કોઈ એ વસ્તુ તો નથી ને, જે મનુષ્ય સમજી બેઠા છે. આપ બાળકોની પણ બુદ્ધિમાં પહેલાં લિંગ રુપ રહેતું હતું. હવે તો બુદ્ધિમાં છે કે એ સ્ટાર (સિતારો) છે. આત્માનું એ જ રુપ છે, બીજી કોઈ વસ્તુ હોઈ ન શકે. પરમાત્મા પણ એ જ બિંદુ રુપ છે. હવે લક્ષ્મી-નારાયણની આટલી મહિમા છે, એમાં શું બ્યુટી (સુંદરતા) છે? આત્મા અને શરીર બંને સતોપ્રધાન પવિત્ર છે. હર્ષિતમુખ છે, ગોરા છે. આત્મા તો બહુજ સૂક્ષ્મ વસ્તુ છે ને. સમજાવાય છે આત્મા મેલો થઈ જાય છે તો લાઈટ ઓછી થાય છે. આ લાઈટ ઓછી અને વધારે ની પણ ખૂબ મહીન વાતો છે. આપણે દિપક નું દૃષ્ટાંત આપીએ છીએ. પરંતુ આત્મા એનાંથી પણ નાનો સ્ટાર છે. સાક્ષાત્કાર થાય છે જોયું અને ગયું. હમણાં તમે બાપને સિમરણ (યાદ) કરો છો. બાપે પોતાનું રુપ બતાવ્યું છે. તમે જાણો છો શિવબાબા ને યાદ કરવાથી વિકર્મ વિનાશ થાય છે. ભલે બીજા મનુષ્ય શિવ ને યાદ કરે છે પરંતુ આ જ્ઞાન થી યાદ નથી કરતાં. તેઓ જાણતાં જ નથી. ન જાણવાનાં કારણે વિકર્મ વિનાશ થઈ નથી શકતાં. આ જાણતાં જ નથી કે અમે યોગ લગાવવાથી વિકર્માજીત બનીશું. સારું પછી શું થશે? આ પણ નથી જાણતાં. તમને બાપ સમજાવે છે યોગ થી તમે વિકર્માજીત બનશો. પ વિકારો નો મેલ ભસ્મ થશે. સમજણ મળ્યાં પછી એ ખુશી થી યાદ કરશે. તેઓ તે નથી જાણતાં કે બાપને યાદ કરવાથી વિકર્મ વિનાશ થશે. હમણાં બાપ જ્ઞાન આપે છે. બાકી મનુષ્ય તો છે અંધશ્રદ્ધા માં, જેનાંથી ભક્તિમાર્ગ માં અલ્પકાળ નું સુખ મળે છે.

હવે એમને અહીં બોલાવે છે, તમે જાણો છો બોલાવવાની તો જરુર જ નથી. જ્યારે પરમાત્માને જાણતાં જ નથી. તો પછી બોલાવો કેવી રીતે? જેમને યાદ કરાય છે, એમનાં મહત્વ ને, ઓક્યુપેશન ને, ગુણોને જાણવાં જોઈએ. પરમાત્માની ઓળખ કોઈની પાસે પણ છે નહીં એટલે જન્મ-જન્માંતર શું-શું કરતા આવ્યાં છે, કાંઈ પણ સમજ નથી. હવે બાપ સમજાવે છે. ગીત માં પણ કહે છે બાબા તમે આવીને જ્ઞાન સંભળાવો તો અમે સાંભળીને પછી

બીજાઓને સંભળાવીશું. જેવી રીતે શાસ્ત્ર માં લોટ માં મીઠુ છે તેવી રીતે આ ભક્તિ માર્ગ નાં ગીતો માં પણ થોડું ઘણું છે. આ ગીત બાપની મહિમા માં છે બાપને બોલાવે છે કે આપ આવીને અમને સંભળાવો તો અમે પછી બીજાઓને સંભળાવીશું. આવીને અમને રાજયોગ શીખવાડો પછી અમે મોરલીધર બનીશું. મોરલીધર ને જ જ્ઞાની તૂ આત્મા કહેવાય છે. આપ બાળકો જાણો છો બાપ તો છે નિરાકાર. પછી એ આવે કેવી રીતે? હમણાં તો સમજ્યું છે કે આત્મા પરમધામ થી આવે છે. પહેલાં-પહેલાં ગર્ભ માં જવું પડે છે. જીવ નાં આત્માઓ બધાં બાપને યાદ કરે છે, પરંતુ એમનાં ઓક્યુપેશન ની કાંઈ પણ ખબર નથી. એમજ ફક્ત બોલાવતા રહે છે. એ આવતાં જ નથી. બાપ કહે છે હું પોતાનાં પૂરાં સમય પર આવું છું. જ્યારે સંગમયુગ શરું થાય છે. સંગમયુગ ક્યારે આવે છે? જ્યારે રાત પૂરી થઈ દિવસ થવાનો હોય છે. સંગમયુગ આવ્યો અને બાપ પણ સાથે આવ્યાં. સંગમયુગ પર જ બાપ ભણાવે છે. આ બધી વાતો આપ બ્રાહ્મણ બાળકો જ જાણો છો. બાપ સમજાવે છે હું નિરાકાર આવું કેવી રીતે. આ તો ક્યારેય કોઈએ ખ્યાલ નથી કર્યો. જો કળિયુગનાં અંતમાં આવ્યાં હશે તો ફરીથી આવશે ને. કળિયુગ અંત અને સતયુગ ની આદિ નાં સંગમ પર આવે છે. જરુર કાંઈ કાર્ય કરવા માટે આવે છે. જરુર સૃષ્ટિને પાવન કરવા આવશે, ત્યારે કહે છે કે હમણાં આદિ સનાતન દેવી-દેવતા ધર્મ સ્થાપન કરવા આવે છે. કેવી રીતે આવે છે, આ પણ કોઈ નથી જાણતું. બાપે આવીને પ્રજા રચવાની છે તથા રાજયોગ શીખવાડવાનો છે તો કોને શીખવાડશે? સતયુગ ની શરુઆત માં તો છે જ દેવતા વર્ણ. એનાં પહેલાં છે બ્રાહ્મણ વર્ણ. તો જરુર બ્રહ્મા તન માં આવીને બ્રાહ્મણ વર્ણ રચવો પડે. બ્રહ્માને કહેવાય જ છે પ્રજાપિતા. હવે આ બ્રહ્મ માં આવ્યાં ક્યાંથી? શું સૂક્ષ્મવતન થી ઉતરી આવ્યાં? જેવી રીતે દેખાડે છે વિષ્ણુ અવતરણ, ઉપર થી ગરુડ પર સવાર થઈ આવે છે. હવે વિષ્ણુને તો અહીં આવવાનું નથી. વિષ્ણુ નાં બે રુપ લક્ષ્મી-નારાયણ જે છે એમણે પણ અહીં આ ભણતર થી એ પદ મેળવ્યું છે. વિષ્ણુ નાં બે રુપ લક્ષ્મી-નારાયણ જ પાલના કરે છે. પરંતુ એમ કોઈ ગરુડ પર ઉતરતા નથી અને પછી ત્યાં લક્ષ્મી-નારાયણ નાં આત્મા કોઈ સાથે નથી આવતાં. પહેલાં નારાયણ નો આત્મા આવશે પછી લક્ષ્મીનો આવશે. સ્વયંવર કરશે ત્યારે વિષ્ણુ યુગલ રુપ કહેવાશે. રાધા કૃષ્ણ બરાબર વિષ્ણુ નાં બે રુપ છે. નાનપણ પણ દેખાડવું પડે ને. આ વાતો બીજા કોઈ નથી જાણતાં. બાપ સમજાવે છે જ્યારે આ પહેલો નંબર ૮૪ જન્મ પૂરાં કરે છે તો મારે આમનામાં જ આવીને પછી આમને પહેલો નંબર બનાવવા પડે. ૮૪ જન્મ ભોગવી જરુર વૃધ્ધ અવસ્થા થઈ હશે તો એમનું નામ રાખ્યું છે બ્રહ્મા. એમનામાં પ્રવેશ કર્યો છે.

હવે આપ બાળકો સમજો છો મનુષ્ય સૃષ્ટિ કેવી રીતે અને ક્યારે રચે છે? આ વાતોનું બીજા કોઈ મનુષ્યને જ્ઞાન હોઈ ન શકે. મનુષ્ય જ્યારે કોઈ સારી નવી વસ્તુ ની ઇન્વેન્શન (શોધ) કરે છે તો ગવર્મેન્ટની પાસે જાય છે પછી તે એને વૃધ્ધિ માં લાવવામાં મદદ કરે છે. આ પણ જ્ઞાન એવું છે. પહેલાં-પહેલાં બાપ આવ્યાં, આમનામાં પ્રવેશ થયાં, આમનામાં બેસી જ્ઞાન આપ્યું. પહેલાં થોડું-થોડું હતું હવે વૃધ્ધિ થતી જાય છે. કેટલી ગુહ્ય થી ગુહ્ય વાતો તમે સાંભળી રહ્યાં છો. પહેલાં હળવું જ્ઞાન હતું હવે સૂક્ષ્મ મળતું જાય છે. પરંતુ આત્મામાં જૂનાં ઉલ્ટા-સુલ્ટા ભક્તિ નાં સંસ્કાર જે છે તે બધાં નીકળે ત્યારે જ્ઞાનની ધારણા થાય. યોગ હોય ત્યારે વિકર્મ વિનાશ થતા જાય અને બુદ્ધિ શુધ્ધ થતી જાય. પહેલાં થોડું પણ જ્ઞાન સાંભળવાથી કેટલો નશો ચઢ્યો અને ભાગ્યાં. પછી કેટલાક તૂટી પણ ગયાં. માયા પણ હેરાન કરી દે છે. હવે બ્રહ્માનાં બાળકો એ થઈ ગયાં બ્રહ્માકુમાર અને કુમારીઓ. આ પૂરી રીતે સમજાવવાનું છે. નહીં તો મનુષ્ય ડરે છે. હવે બાપને તો જરુર બ્રહ્માનું શરીર લેવું પડે. તે પણ મોટું (અનુભવી) જોઈએ. નાનાં બાળકમાં પ્રવેશ કરશે શું? કહે છે અનેક જન્મોનાં અંતનાં જન્મમાં અંતમાં આવું છું. આમણે ખૂબ શાસ્ત્ર વાચ્યાં છે, ગુરુ કર્યા છે. તો અનુભવી હશે ને? બાપ કહે છે હું વાનપ્રસ્થ અવસ્થા માં આવું છું. શાસ્ત્ર વગેરે વાચ્યાં છે ત્યારે તો સમજાવી શકે છે. હવે આપ બાળકો જાણો છો કેવી રીતે બાબા આવે છે અને આવીને મનુષ્ય થી દેવતા બનાવે છે અર્થાત્ જૂની દુનિયાને નવી બનાવે છે. તમને હમણાં નવાં બનાવી રહ્યાં છે. આ જૂનાં તન માં રાજયોગ શીખવાડી પછી સતયુગી નવું શરીર જઈને લેશો. પછી દેવી-દેવતા કહેવાશો. ત્યાં માયા હોતી નથી. આ તમે સમજી શકો છો કે અમે બ્રહ્માકુમાર કુમારીઓ છીએ. બ્રહ્મા ને પ્રજાપિતા કહેવાય છે. આ તો બધાં માનશે કે ભગવાને આદમ-બીબી (બ્રહ્મા સરસ્વતી) દ્વારા રચના રચી છે. ગીતામાં કહે છે હું રાજાઓનાં રાજા બનાવું છું. શૂદ્ર થી બ્રાહ્મણ બનાવીને જ્ઞાન અમૃત પીવડાવી અસુર થી દેવતા બનાવે છે. ભલે આ લખેલું છે પરંતુ પહેલાં શૂદ્ર વર્ણ થી બ્રાહ્મણ વર્ણમાં લાવે છે તો તમે સમજાવી શકો છો અમે બ્રહ્માકુમાર કુમારીઓ છીએ. બ્રહ્મા છે પ્રજાપિતા. હકીકતમાં બ્રહ્મા ની સંતાન તમે પણ છો, બ્રાહ્મણોની શરુઆત સંગમ પર જ થાય છે. બ્રહ્મા દ્વારા અમે બ્રાહ્મણ ભણીએ છીએ. રુદ્ર જ્ઞાન યજ્ઞ ની સંભાળ કરીએ છીએ. અમે અમારા વિકારો ની આહુતિ આપીએ છીએ. યજ્ઞ માં બધુંજ સ્વાહા કરાય છે ને? તો અમે રુદ્ર જ્ઞાન યજ્ઞમાં કોઈ કચરો નથી નાખતા, પોતાનાં

પાપો ને સ્વાહા કરીએ છીએ. કોઈ આગ વગેરે તો પ્રજ્વલિત કરાતી નથી. નથી કોઈ અવાજ વગેરે કરતાં. તેઓ તો કેટલો અવાજ કરે છે - સ્વાહા, સ્વાહા.... આપણે તો યોગમાં રહીએ છીએ, કોઈ અવાજ નહીં. ચૂપ. યોગ અગ્નિ થી પાપ ભસ્મ થઈ જાય છે. આ રુદ્ર જ્ઞાન યજ્ઞ માં યોગ અગ્નિ થી આપણે પોતાનાં ૫ વિકારોને સ્વાહા કરીએ છીએ. તો પાપ ભસ્મ થઈ જાય છે. બ્રહ્મા ની દિકરી સરસ્વતી પણ ગવાયેલી છે જેને જગદમ્બા કહે છે, એમનાંથી બધી મનોકામનાઓ પૂરી થાય છે. એ અંબા પછી લક્ષ્મી બને છે.

બાળકોને પોઈન્ટસ તો ઘણાં સમજાવાય છે, ધારણ પણ થાય ને. ધારણા ત્યારે થાય જ્યારે યોગમાં રહો પછી વિકર્મ પણ વિનાશ થાય, બુદ્ધિ પવિત્ર નહીં હોય તો અવિનાશી જ્ઞાન રતન રહેશે નહીં. બાળકોને સમજાવાય છે કે પહેલાં ભોગ લગાવીને પછી ખવાય છે કારણ કે એમનું જ બધું આપેલું છે. તો પછી પહેલાં એમને યાદ કરી ભોગ લગાવે છે, આહવાન કરાય છે. પછી જેમ કે સાથે મળીને ખાય છે. બાબા તો છે સંપૂર્ણ પવિત્ર. આપણે છીએ જેમ કે ભિલડીઓ. આપણે યાદ કરીએ છીએ તો શું બાબા આપણી સાથે બેસીને ખાઈ શકે છે? આપણે પોતાને સંપૂર્ણ પવિત્ર તો કહી ન શકીએ. તો આપણે ભિલડીઓની સાથે એ ખાશે? પછી વાસના લઈ લે છે. વાસના લેવી કોઈ ખાવાનું તો નહીં થયું ને. સુગંધ લઈ લે છે. હા કોઈ ૭૫ ટકા ધારણા કરવાવાળા સારા બાળકો ભોજન બનાવીને બાબાને ખવડાવે તો વાસના લાયક પણ થાય કારણ કે બાબા છે બિલકુલ શુધ્ધ. એ આપણા પતિત ની સાથે ખાય આ લૉ (કાયદો) નથી કહેતો. એ વાસના લઈ શકતાં હશે? બાબા કહે છે હું વાસના પણ કેમ લઉં, હું તો નિષ્કામી છું. વાસના લેવાની પણ મારી પાસે કામના નથી. હું ૧૦૦ ટકા નિષ્કામી છું. ભોગ ઉપર જાય છે, બહુરુપી બેસી દેવતાઓને ખવડાવે છે. દેવતાઓ ઈચ્છે છે અમે બ્રહ્મા ભોજન ખાઈએ તો બાબા મમ્મા અને પછી ઉપર થી દેવતાઓનાં આત્મા આવે છે, એ બેસી ખાય છે. છતાં પણ રુચિ થી ત્યારે ખાશે જ્યારે પકાવવા વાળા યોગી હોય. દેવતાઓ પણ બ્રહ્મા ભોજનની મહિમા કરે છે. બાપ તો કહે છે હું આવ્યો છું તમારી સર્વિસ (સેવા) કરવા. હું તો તમારો પૂરો નિષ્કામી સર્વેન્ટ (સેવાધારી) છું. તમે ભલે ૩૬ પ્રકાર નાં તો શું ૧૦૮ પ્રકારનાં ભોગ લગાવો, ભક્તોએ પણ ભોગ લગાવ્યો અને ભક્તોએ જ વહેંચીને ખાધો. ભગવાન નિષ્કામી છે તો પણ ઓફર કરવી જોઈએ. મોટાં રાજાઓ વગેરે ક્યારેય હાથમાં નથી લેતાં. એમાં પણ અલગ-અલગ પ્રકારનાં હોય છે. કોઈ લઈ પણ લે છે. બાબાનું રાજાઓ વગેરે સાથે કનેક્શન રહ્યું છે ને. તો આપણે બાબાને ભોગ લગાવીએ છીએ, કામના છે કે આપણે બાબા થી વિશ્વનાં માલિક બનવા રાજાઈ લઈએ. એ તો છે જ દાતા. આ બધી સૂક્ષ્મ વાતો છે. ભોગ ક્યાંય લઈ નથી જતાં. અહીં જ બેસી વૈકુંઠનો સાક્ષાત્કાર કરાવે છે. અહીંથી જેમ કે ગુમ છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. બાપ ભલે નિષ્કામી છે પરંતુ ભોજન નો ભોગ જરુર લગાવવાનો છે. ખૂબ શુધ્ધિ થી ભોજન બનાવીને બાબાની સાથે બેસીને ખાવાનું છે.
2. આ રુદ્ર યજ્ઞ માં યોગબળ થી પોતાનાં પાપ સ્વાહા કરવાનાં છે. અવાજમાં નથી આવવાનું, ચૂપ રહેવાનું છે. બુદ્ધિને યોગબળ થી પવિત્ર બનાવવાની છે.

વરદાન :- ન્યારા અને પ્યારાપણા ની વિશેષતા દ્વારા બાપ નાં પ્રિય બનવા વાળા નિરંતર યોગી ભવ

હું બાપનો કેટલો પ્યારો છું-આનો હિસાબ ન્યારાપણા થી લગાવી શકો છો. જો થોડા ન્યારા છો, બાકી ફંસાઈ જાઓ છો તો પ્યારા પણ એટલાં હશો. જે સદા બાપનાં પ્યારા છે એમની નિશાની છે સ્વતઃ યાદ. પ્યારી વસ્તુ સ્વતઃ અને નિરંતર યાદ રહે છે. તો આ કલ્પ-કલ્પ ની પ્રિય વસ્તુ છે. આવી પ્રિય વસ્તુ ભુલાય કેવી રીતે શકે? ભૂલો ત્યારે છો જ્યારે બાપ કરતાં પણ અધિક વધારે કોઈ વ્યક્તિ કે વસ્તુ ને પ્રિય સમજવા લાગો છો. જો સદા બાપ ને પ્રિય સમજો તો નિરંતર યોગી બની જશો.

સ્લોગન :- જે પોતાનાં નામ-માન અને શાન નો ત્યાગ કરી બેહદ સેવા માં રહે છે એ જ પરોપકારી છે